# મોર્નિંગ મંત્રા

(૧)

ઘણા માણસો એવા હોય છે જે ગમે તેટલા ધનવાન હોય તો પણ મનથી તો ગરીબના ગરીબ જ રહેતા હોય છે. એવું કહેવાય છે કે હૈદરાબાદના નિઝામ પાસે કરોડોની દોલત હતી. એમની પાસે ગણ્યા ગણાય નહિ અને વીણ્યા વિણાય નહિ એટલાં અઢળક હીરા-ઝવેરાત હતાં. એ જમાનામાં કોહિનૂર જેવો દુર્લભ હીરો ત્યાંની ગોલકોન્ડાની ખાણમાંથી નીકળેલો. આ કોહિનૂર પણ નિઝામની માલિકીનો હતો. નિઝામ પાસે જેટલા પણ હીરા હતા એમને દર વર્ષે એક વખત સૂર્યપ્રકાશ આપવા માટે ઓરડામાંથી બહાર કાઢવામાં આવતા. વિચાર કરો કે અઢળક બૈશકીમતી




હીરાથી નિઝામના મહેલની સાતેય અગાશીઓ છલોછલ ભરેલી હોય અને ઝળહળતી હોય તો કેવું અદ્ભુત દશ્ય સર્જાતું હશે !

થયું એવું કે ૧૯૪૭માં જ્યારે ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા, ત્યારે નિઝામને તો પાકિસ્તાનમાં ભળી જવું હતું, પણ ભૌગોલિક પરિસ્થિતિને કારણે આ શક્ય ન બન્યું અને હૈદરાબાદ પાકિસ્તાનમાં ભળી ન શક્યું. હવે ભારતમાં રહેવું કે પાકિસ્તાન જવું, એ અસમંજસમાં નિઝામે પાકિસ્તાનના હાઈ કમિશનની મદદથી લંડનની નેશનલ વેબમિનસ્ટર બેંકમાં વન મિલિયન પાઉન્ડ જમા કરાવેલા. હૈદરાબાદના નિઝામ અથવા એમના પછીની એમની કોઈ પણ પેઢી આ નાણાં ક્યારેય વાપરી ન શકી. વર્ષો વર્ષ સુધી વ્યાજ ઉમેરાતું રહ્યું અને વર્ષ ૨૦૧૪માં આ રકમ વધીને રૂપિયા ૩૧૦ કરોડ થઈ ગઈ! લગભગ સિત્તેર વર્ષથી લંડનની બેંકમાં પડેલી આ નિઝામની સંપત્તિ પર ભારત સરકાર, પાકિસ્તાન સરકાર અને નિઝામની ફેમિલી, આ ત્રણેએ દાવો કરેલો છે અને હજી પણ આ લખાય છે. ત્યારે રકમની માલિકી માટે કાનૂની દાવો ચાલુ જ છે. ટૂંકમાં, આટલી સંપત્તિ હોવા છતાં કોઈ પણ એને વાપરી શક્યું નથી.

કહેવાય છે કે નિઝામ પોતે ઘણો કંજૂસ હતો. એક લોકવાયકા તો એવી છે કે નિઝામે ૩૦ વર્ષ સુધી એકની એક ટોપી પહેરી રાખી. એની પાસે એક ખાસ શેરવાની હતી. દરરોજ એ એકની એક શેરવાની પહેરતો. કોઈ એને કંઈક નવું પહેરવાનું કહે તો કહે કે, “શું ફરક પડે છે? બધાને ખબર તો છે કે હું હૈદરાબાદનો મહાન નિઝામ છું ! બધા જાણે જ છે મને.’ લોકો એવું પણ કહે છે કે નિઝામ મહેમાનોને મોંઘી સિગારેટ તો પીવડાવતો, પણ એમને એ સિગારેટપીતાં જોઈને એનો જીવ પણ બળતો. એટલે મહેમાન જતા રહે પછી એશ ટ્રેમાં જે ટુકડા બચ્યા હોય એ પોતે ફૂંકતો. આવી તો કેટકેટલીયે લોકવાયકાઓ છે, નિઝામના કંજૂસ સ્વભાવ વિષે.

●●●

***ગમે તેટલું ભેગું કરો, પણ એ વાપરી જ ના શકો તો શું કામનું? ખાલી હાથ આવ્યા હતા અને ખાલી હાથ જ જવાના. તો ચાલો, જે સંપત્તિ ભેગી કરી છે એમાંથી થોડો હિસ્સો કાઢીને એક વૅકેશન માણી આવો. જીવનને પૂરેપૂરું માણવામાં જે મજા મળશે, એ સંપત્તિ ભેગી કરવામાં નહીં જ મળે.***

સાભાર : આર જે ધ્વનિત

# અમેરિકાની અસમંજસ સ્થિતિ ચિંતાજનક

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાની ચૂંટણીનું કોકડું ગૂંચમાં પડ્યું છે. ટ્રમ્પ પ્રમુખપદનો તાજ બીજી ટર્મ માટે પોતાના શિરે જ રાખવા માગે છે. બાઈડન એમને બરાબર ટક્કર આપી આગળ નીકળી જતા લાગ્યા કે તરત જ એમણે મતદાનમાં ગોલમાલ કરાઈ રહી હોવાના આક્ષેપોનો ધોધ વહેતો મૂક્યો અને અદાલતનો આશ્રય લીધો. ટ્રમ્પ આવું ના કરે તો જ નવાઈ લાગવી જોઈએ. એક ‘ચાલુ’ હોટલ બિઝનેશમેન બારોબાર નાણાં અને ધોળી ચામડીના જોરે અમેરિકા જેવી મહાસત્તાનો કર્ણધાર બની બેઠો એ વિશ્વના ઈતિહાસની વિડંબના જ ગણાશે. આ એ જ અમેરિકા છે જેની લોકશાહી દુનિયાની શ્રેષ્ઠ લોકશાહી ગણાતી રહી છે. અને જેનું સુકાન જયોર્જ વૉશિંગ્ટન, અબ્રહામ લિંકન, કૅનેડી અને ક્લિન્ટન કે ઓબામા જેવા સક્ષમ રાજનેતાઓએ સંભાયેલું છે. અત્યાર સુધીના નબળામાં નબળાં અને લગભગ ‘સાઈકિક’ કહી શકાય એ કક્ષાના રાષ્ટ્રપ્રમુખને બીજી વાર ચૂંટવાની ભૂલ કરશે તો અમેરિકાની ધૂમિલ થઈ ચૂકેલી છબી વધારે ઝંખવાશે એમાં શંકાને સ્થાન નથી. ટ્રમ્પના નિર્ણયો અને નિવેદનો વિશે તો આખી દુનિયામાં નકારાત્મક અભિપ્રાય પ્રવર્તે છે. એક અસ્થિર મગજના માણસના હાથમાં આવડી મોટી સત્તા આપી દઈને અમેરિકન પ્રજાને ખુદ એની નબળી નિર્ણયશક્તિ અને રંગભેષ પોષક માનસિકતાનો પરિચય આપ્યો હતો. બાઈડન રાષ્ટ્રપ્રમુખ બનશે તો ટ્રમ્પના મોટા ભાગના નિર્ણયો બદલી નાખશે એ નક્કી છે. ટ્રમ્પને સામાન્ય અમેરિકન નાગરિકે એમની ‘અમેરિકા ફર્સ્ટ’ વાળી કૂટનીતિ બદલ પસંદ કર્યા હતા. બીજી વાર પણ એમનું આ સૂત્ર અને ધોળા-કાળા વાળી રંગભેદની નીતિ પ્રમાણમાં ઓછાવત્તાં પણ ચાલ્યાં તો છે જ. જોકે મોદીની દોસ્તી એમને ફળી નથી. ‘હાઉદી મોદી’ માં હાજર રહેલા ટ્રમ્પ ‘જોકર’ જેવા લાગતા હતા અને ‘નમસ્તે ટ્રમ્પ’ જેવો વાટકીવહેવાર મોદીની ઈમેજને ઘસારો પહોંચાડનારો સાબિત થયો હતો. મોદી એક રૂપે નસીબદાર ખરા કે તેઓ ટ્રમ્પની ઈસ્લામિક આતંકવાદ સામેની સૂગનો લાભ ઉઠાવી પાકિસ્તાનને વિશ્વમંચ પર એકલું અટૂલું પાડી શક્યા. એ જ રીતે ચીનની અમેરિકાને ઓવરટેક કરી વિશ્વની ‘મહાસત્તા - નંબર વન’ બની રહેવાની ઉમેદ સામે પણ ભારતના સહયોગ વગર અમેરિકા પાંગળું બની રહે એમ હતું. બાઈડન મુસ્લિમ વિરોધી નહીં હોવા છતાં એ સત્તા પર આવશે તો પણ પાકિસ્તાનને સમર્થન નહીં જ આપી શકે, કારણ કે તેઓ ઉપરાષ્ટ્રપતિ પદે કાર્યરત હતા ત્યારે જ ઓસામા બિન લાદેનને પાકિસ્તાન આર્મીના સંરક્ષણમાંથી રાતોરાત ઉઠાવી ખતમ કરી દેવાયો હતો એ આખી દુનિયા જાણે છે. ચીન સામે ટક્કર લેવા એશિયામાં ભારતના સહયોગ વગર ચાલે એમ નથી, એટલે અમેરિકાનું સુકાન ફરી વાર ટ્રમ્પના હાથણાં આવે કે ડેમોક્રેટ ઉમેદવાર બાઈડનના નવા રાષ્ટ્રપ્રમુખ બને - પરંતુ ‘એશિયાનીતિ’ તો અકબંધ જ રહેશે. મોદી ‘નમસ્તે મોદી’ જેવો ‘નમસ્તે બાઈડન’ કાર્યક્રમ કરવાનું નહીં વિચારી શકે. કોરોના છે! વળી ગુજરાતીઓએ કચકચાવીને બાઈડનનું સમર્થન કર્યું છે! પણ એ મોદીને લીધે નહીં, ઉપરાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર કમલા હેરિસને કારણે.

# વિનાશનાં વાવેતર

આસો સુદ પૂનમ એટલે વાલ્મિકી જયંતી. મહર્ષિ વાલ્મિકી મહાન કવિ હતા. ગૌણ પાત્રો કથાપટ ઉપર જગ્યા થોડીક જ રોકે, પરંતુ વાચકના ચિત્ત ઉપર અમીટ છાપ મૂકી જાય; પછી ત્રિજયા હોય કે મંથરા.



એના નખ લાંબા અને ઉપરથી ગોળ હતા, સૂપડા જેવા હતા. એથી એનાં નામ, શૂર્પનંખી અથવા સૂર્પણખા હતું. રાવણની નાની બહેન હતી, અવિવાદિત હતી.

ગોદાવરી નદીને કિનારે પાંચ ઘટાદાર વટવૃક્ષ હતાં. વચ્ચે પર્ણકુટિ હતી. અહીં એકવાર શૂર્પણખા આવી ચડી. અહીં એણે એક સોહામણો યુવક જોયો. જોતાંવેતં એને એ ગમી ગયો. એણે રાક્ષસીનું રૂપ છોડી દીધું અને સૌંદર્યવતી યુવતીનું રૂપ લઈ લીધું.

એ યુવક પાસે હાજર થઈ. એણે. રામ-લક્ષ્મણ-સીતાનો પરિચય થયો; પોતાનો પરિચય આપ્યો. ‘લંકાની રાજકન્યા શૂર્પણખા.’ હવે એણે મધુર સ્મિત સાથે રામ પાસે પોતાનાં પ્રણયનું નિવેદન કર્યું. રામે સ્પષ્ટતા કરી. ‘આ મારી પત્ની સીત છે, તારે એની સપત્ની થવું પડે. એનાં કરતાં આ મારો નાનો ભાઈ લક્ષણમ છે. એને પત્નીની જરૂર છે.’

‘ભલે! કહીને શૂર્પણખા લક્ષ્મણ પાસે આવી, પોતાનો પ્રસ્તાવ મૂક્યો. લક્ષ્મણે સ્પષ્ટતા કરી.’ ‘હું તો આ બંનેનો દાસ છું, તારે દાસી થઈને આમની સેવા ચાકરી કરવી પડે, એટલે હું તને હા પાડતો નથી.’

શૂર્પણખા હવે રામ તરફ ફરી, એટલે સીતાએ મશ્કરીમાં હાસ્ય કર્યું, ‘એક તો પોતાનો અનાદર થયો; ઉપરથી આ સ્ત્રીએ મશ્કરી કરી.’ એટલે એણે રાક્ષસીનું રૂપ લીધું. અને સીતા ઉપર આક્રમણ કર્યું. ‘સ્ત્રીનો વધ થાય જ નહિ’ એ વિચારે રામ લક્ષ્મણને સંકેત કર્યો. લક્ષ્મણે એના નાક અને કાન પર તલવાર ચલાવી દીધી. શૂર્પણખા ત્યાંથી જતી રહી.એના સાવકા ભાઈઓ ખર અને દૂષણને ખબર પડી. એમણે રામ ઉપર આક્રમણ કર્યું. પરંતુ રામે એમનો વધ કર્યો. એની સેના પર મરાઈ ગઈ.




શૂર્પણખા હવે રાવણની સભામાં આવી. રાવણને કહેવા લાગી - ‘આમ દારૂના નશામાં પડ્યો ન રહે. તારા ઉપર મોત ભમે છે. લંકાનું સામ્રાજય જોખમમાં છે. અયોધ્યાના રાજકુમારો અસુરોને શોધી શોધીને મારે છે. મારો કોઈ જ દોષ ન હતો.’ હું માત્ર રાવણની બહેન છું. એટલા માટે મને આ રીતે કુરુપ કરી નાખી. મારી તરફેણમાં ભાઈઓ ખર દૂષણ આવ્યા, તો રામે એકલાંએ ભાઈઓનો અને સેનાનો નાશ કરી નાખ્યો. તારે આપણા પરિવારનું અને પ્રજાનું હિત વિચારીને તાત્કાલિક પગલાં લેવા પડશે. રામની પત્ની સીતી સમગ્ર વિશ્વની સર્વશ્રેષ્ઠ સુંદરી છે. મને તો વિચાર આવ્યો હતો, કે તારે માટે હું એને અહીં ઉપાડી લાવું. પણ આ વિચારનો હું અમલ ન કરી શકી. આ સીતા તારા અંતઃપુરમાં જ શોભે.’

રાવણે સ્નેહથી શૂર્પણખાને માથે હાથ ફેરવીને વિદાય આપી. પછી એણે નિર્ણય કરી નાખ્યો.

‘હું સીતાનું અપહરણ કરી નાખું. એ નિમિત્તે યુદ્ધ થશે. એ સામાન્ય રાજકુમાર જ હશે; તો જીતી જઈશ. પરંતુ એણે ખર દૂષણને માર્યા છે. એટલે દેવોનો અંશ હશે. તો એને હાથે મરીને મોક્ષ પામીશ.’

બીજે દિવસે સવારમાં એણે ઋષિ મારીચના આશ્રમે પોતાનો રથ પૂરપાટ દોડાવી મૂક્યો.

# હડપ્પન સંસ્કૃતિના કયા સ્થળેથી ડોકયાર્ડનું પ્રમાણ મળે છે ?




## ભારતનો ઈતિહાસ

૧ દારા શિકોહનો જન્મ કયા સ્થળે થયો હતો ?
(અ) શિરોહી (બ) અજમેર
(ક) ભરતપુર (ડ) ઉદયપુર

૨ શીખ ગુરુ ગોવિંદસિંહનો જન્મ કયાં થયો હતો ?
(અ) અમૃતસર (બ) ભાગલપુર
(ક) પટણા (ડ) ગયા

૩ જયપુરના રાજા ભારમલજીની કુંવરીનું નામ શું હતું ?
(અ) રૂપમતિ (બ) પદ્માવતી
(ક) મણિકલ્લિકા (ડ) જોધાબાઈ

૪ અબ્દુલ ફઝલનું ખૂન કયા સ્થળે કરવામાં આવ્યું હતું ?
(અ) ગ્વાલિયર (બ) ઝાંસી
(ક) લલિતપુર (ડ) રાયગઢ

૫ રાજા જયસિંહ બીજાએ બંધાવેલ વેધશાળાઓમાં કયા સ્થળનો સમાવેશ થતો નથી ?
(અ) દિલ્હી (બ) જયપુર
(ક) ઉજ્જૈન (ડ) લખનૌ

૬ ભારતમાં આવનાર પ્રથમ ખ્રિસ્તી ધર્મપ્રચારક કોણ હતા?
(અ) જહોન ટ્રીગીલીયો (બ) સેન્ટ થોમસ
(ક) સેન્ટ પીટર (ડ) સેન્ટ પૌલ ટરસ

૭ હડપ્પન સંસ્કૃતિના કયા સ્થળેથી ડોકયાર્ડનું પ્રમાણ મળે છે ?
(અ) મોઢેરા (બ) ધોલાવીરા
(ક) લોથલ (ડ) પાટણ

૮ શિવાજી મહારાજનું અવસાન કયારે થયું હતું?
(અ) ઈ.સ. ૧૫૬૮ (બ) ઈ.સ. ૧૫૭૦
(ક) ઈ.સ. ૧૬૮૦ (ડ) ઈ.સ. ૧૬૯૦

૯ વિક્રમશીલ વિશ્વ વિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી ?
(અ) રાજા ભોજ (બ) ધર્મપાલ
(ક) ચંદ્રગુપ્ત (ડ) સ્કંદ ગુપ્ત

૧૦ નૂરજહાંનું વાસ્તવિક નામ શું હતું?
(અ) હજરા બેગમ (બ) હઝરત મહાલ
(ક) મેહરુનિસ્સા (ડ) બીબી અમતસ સલામ

૧૧ મંસૂર અને માધવ કોના દરબારના ચિત્રકારો હતા ?
(અ) અકબર (બ) જહાંગીર
(ક) શાહજહાં (ડ) ઔરંગઝેબ

૧૨ જલિયાવાલા બાગના હત્યાકાંડ વખતે ભારતના વાઈસરોય કોણ હતા ?
(અ) ચેમ્સફોર્ડ (બ) રૂથર ફોલ્ડ
(ક) વિલિયમ બેન્ટિક (ડ) લોર્ડ કર્ઝન

૧૩ હર્ષવર્ધનના મૃત્યુ પછી કનોઝ પર કોનું શાસન આવ્યું ?
(અ) પુષ્પ મિત્ર (બ) હર્થક
(ક) યશોવર્મા (ડ) બૃહદથ

૧૪ કયા શિખગુરુએ પંજાબી ભાષા માટે ગુરુમુખી લિપીની શરૂઆત કરી?
(અ) ગુરુનાનક દેવ (બ) ગોવિંદસિંહ
(ક) ગુરુ હરગોવિંદ સાહિબ (ડ) ગુરુ રામદાસ

૧૫ મુસ્લિમ લીગની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૦૦ (બ) ઈ.સ. ૧૯૦૪
(ક) ઈ.સ. ૧૯૦૬ (ડ) ઈ.સ. ૧૯૧૦

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૬ નવેમ્બર :
  - સાહિત્યકાર અને વેપારી એવા અરદેશર ફેરામજી (ખબરદાર) નો જન્મદિવસ (૧૮૮૧)
  - ભોપાલ ખાતે હેવી ઈલેકટ્રીકલ લિમિટેડ કારખાનની શરુઆત (૧૯૬૦)
  - ‘આદિલ મન્સુરી’ની પુણ્યતિથિ (૨૦૦૬)
  - જયમલ પરમારની જન્મજયંતિ (૧૯૧૦)
- ૭ નવેમ્બર : બાલ સુરક્ષા દિવસ / રાષ્ટ્રીય કેન્સર જાગૃતતા દિવસ
  - પદ્મશ્રી તથા પદ્મભૂષણ સન્માનિત દક્ષિણના દમદાર અભિનેતા કમલ હસનનો જન્મદિવસ (૧૯૫૪)
  - ગુર્જર વૈજ્ઞાનિક ડૉ. પંડિત ભગવાન લાલ ઈન્દ્રજીનો જન્મદિવસ (૧૮૩૯)
  - ફ્રાન્સના મેરી ક્યુરીનો જન્મદિવસ (૧૮૬૭)
- ૮ નવેમ્બર : ઈન્ટરનેશનલ ડે ઓફ રેડિયોલોજી
  - ફ્રાન્સના પ્રતિભાવંત મહિલા માદમ રોલાંનું નિધન (૧૭૯૩)
  - માઈક્રોચીપના સહશોધક જેક સેન્ટ કલેર કિલ્લીનો જન્મદિવસ (૧૯૨૩)
  - લાલકૃષ્ણ અડવાણીનો જન્મદિવસ (૧૯૨૭)
  - લોકપ્રિય સિંગર ઉષા ઉથુપનો જન્મદિવસ (૧૯૪૭)
- ૯ નવેમ્બર : ઉત્તરાંચલનો સ્થાપના દિવસ
  - મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજયચંદ્રનું નિધન થયું. (૧૯૦૧)
  - પૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણનની પુણ્યતિથિ (૨૦૦૫)
  - સાહિત્યકાર મણિલાલ હ. પટેલનો જન્મદિવસ (૧૯૪૯)
- ૧૦ નવેમ્બર : વન પ્રકૃતિ દિવસ
  - જર્મનીના સુધારક માર્ટિન લ્યૂથર કિંગનો જન્મદિવસ (૧૪૮૩)
  - સાહિત્યકાર વિષ્ણુપ્રસાદ ત્રિપાઠીનું નિધન (૧૯૯૧)
  - સુરેન્દ્રનાથ બેનરજીનો જન્મદિવસ (૧૮૪૮)
  - જાણીતા ટીવી અભિનેત્રી સિમોના સિંહનો જન્મદિવસ (૧૯૭૪)
- ૧૧ નવેમ્બર : રાષ્ટ્રીય શિક્ષણ દિવસ
  - અમેરિકન મનોવૈજ્ઞાનિક ગોર્ડન વિલાર્ડ ઓલપોર્ટનો જન્મદિવસ (૧૮૯૭)
  - નવી દિલ્હીમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય પોસ્ટ ટિકીટના પ્રદર્શનને ખુલ્લુ મુકાયું (૧૯૭૩)
  - જીવરામ કૃપાલાનો જન્મદિવસ (૧૮૮૬)
  - વિવેચક અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જન્મદિવસ (૧૯૩૫)
- ૧૨ નવેમ્બર : રાષ્ટ્રીય પક્ષી દિવસ
  - અહિંસક, સત્યાગ્રહના સેનાપતિ પાંડુરંગ મહાદેવ બોપરનો જન્મદિવસ (૧૮૮૦)
  - પક્ષીવિદ સલીમ અલીનો જન્મદિવસ (૧૮૯૬)
  - સર્જરીમા વપરાતી બેહોશ કરવાની દવા કલોરોફોર્મ પ્રથમ વખત જાહેરમાં મુકાઈ (૧૮૪૧)
  - એટલાંટિક ઉપગ્રહ અંતરિક્ષમાં પ્રક્ષેપિત કરાયો (૧૯૯૫)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં કયા ગુજરાતી ફિલ્મસ્ટાર અને સંગીતકાર બેલડીનું અવસાન થયું? જવાબ : મહેશ કનોડિયા - નરેશ કનોડિયા

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૪) મૂળજીભાઈ પરમાર દધિ : સે-૭ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં ગુજરાતના કયા પૂર્વ મુખ્યમંત્રીનું નિધન થયું?

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# ફેંકવાની કળા અને અન્ય કળાઓ

પ્લીઝ, લેખનું મથાળું જોઈને ચોંકવાની કે કોઈ ગેરસમજ કરવાની જરૂર નથી કેમ કે ‘ફેંકવાની કળા’ એટલે અમે મોટી મોટી- ખોટી ખોટી વાતો કરવાની, ગપ્પા મારવાની કળા કહેતાં આવડત વિશે વાત નથી કરતા. ના તો અમારો ઈરાદો આ કળા-વિદ્યામાં એકસપર્ટ - માહેર કોઈ શ્રીમાન ફેંકુ કે મિ. ફેંકોલોજી વિશે ચર્ચા કરવાનો છે.... જો કે ‘ઈલ...એકશન’ યાને કે ઈલેકશનની હાલની સીઝનમાં આ ફેંકવાની - વચનોની લહાણી કરી, મતદારોને ગુલાબી ચિત્રો બતાવવાની અને એ રીતે પોતાની ફેંકવાની કળા બાબત રાજકારણીઓ વચ્ચે જાણે કે સ્પર્ધા ચાલતી જોવા જરૂર મળે છે... પછી એ અહીં દેશ હોય કે અમેરિકા જેવો પરદેશ હોય... રાજનેતાઓને ચૂંટણી ટાણએ, ‘વચનેષુ કિમ દરિદ્રતા’ (વચનો જ આપવાનાં હોય છાલાં છાલાં તો એમાં કંજુસાઈ શું કામ રાખવી!) એ સંસ્કૃત વાક્ય સતત યાદ આવ્યા કરતું હોય છે અને તેને આચરણમાં મૂકવાનું ય ભૂલાતું નથી... પણ ભાઈ, ‘એવરી થીંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર’ના ન્યાયે આ બરાબર છે કેમ કે ચૂંટણી - ઈલેકશન પણ એક પ્રકારે વોર કહેતાં યુદ્ધ જ ગણાય છે ને!

અલબત્ત, ફેંકવું એ પણ એક કળા - ‘આર્ટ’ છે, જે હર કોઈને વરેલી નથી હોતી. અને સૌ કોઈના વશની વાત નથી... પણ અત્યારે તો ‘ફેંકવાની કળા’ થી અમારો મતલબ પેલી ‘ફેંકાફેંકી’ જરાય નથી. અમારે તો ચર્ચા કરવી છે ફેંકવું એટલે કે કોઈ વસ્તુના જોરથી ઘા કરવો - નાંખવાની આવડત વિશે. યાદ કરો... કૉલેજકાળમાં કલાસમાં, કાગળના ‘એરો’ બનાવી, ધાર્યા નિશાળ પ્રતિ ફેંકવાની કળાના ઘણા સાક્ષી બન્યા જ હશે... તોફાનોમાં ટોળા સાથે વિરોધ પ્રદર્શનમાં સહોયગ આપવા પથ્થરબાજી કર્યાનું - પથ્થર ફેંકવાનું ગૌરવ મળ્યું હશે.




ફેંકવાની કળાનો ઓલમ્પિક્સ ગેઈમમાં પણ સ્વીકાર થયો છે.... પાછા ચોંક્યા ? અરે ભાઈ, ગોળાફેંક, બચ્છી-ભાલા ફેંક જેવી રમતોને મોટી મોટી રમત સ્પર્ધાઓમાં સમાવાઈ છે. તે જ બતાવે છે કે ફેંકવું એક કળા જરૂર છે, જે ભારે જહેમત, સતત અભ્યાસ- પ્રેક્ટિસ અને જીગર - હિંમતથી શીખી શકાય છે ને એમાં નિપૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છે...

હિંદુ - ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી ૬૪ (ચોંસઠ) કળાઓ ગણાવાઈ છે... અમે આ ચોસસ કળાઓમાં ‘ફેંકવાની કળા’નો ઉલ્લેખ છે કે નહીં તેનો અભ્યાસ કરી રહ્યા હતા. એ ચોસઠ કળાઓ કઈ કઈ છે તેની યાદી જોઈ તો ગાયન કલા, વાદન કલા, નૃત્ય કલા, નાટ્ય કલા, વાચન કલા, ચિત્રકલા, કેશ ગૂંફન કલા, પાક કલા, જાદુ - હાથ કરામત કલા, આભૂષણો બનાવવાની અને તેના થકી સુશોભન કરવાની કલા, ધર્નુવિદ્યા, ધૃત-જુગાર વિદ્યા, વીણા વાદન, ઉખાણાં ઉકેલવાની કલા,સુગંધિત દ્રવ્યોના ઉપયોગની કલા, ફૂલોના શણગાર - સુશોભનની કલા, યંત્રકલા, સુથારીકામ કલા, બીજા જવાબ ન આપી શકે એવી ભાષા બોલવાનો અભ્યાસ કરવાની કલા, હસ્ત મુદ્રા - આંગળીઓના ઉપયોગની વાતચીતની કલા, ભરત-ગૂંથણ - સિલાઈમ કામ કલા... એમ જાતજાતની ને ભાતભાતની કળાઓ વિશે વાંચવા મળ્યું...

પરંતુ ‘ફેંકવાની કળા’નો ઉલ્લેખ આ પ્રાચીન ૬૪ કલામાં નજરે ન પડ્યો.. આમ કેમ હશે? પ્રાચીન સમયમાં, આપણી ભારતીય સંસ્કૃતિમાં ૬૪ કલાઓ આ ‘ફેંકવાની કળા’ નો સમાવેશ કે નહીં કરાયો હોય?

અમે આ વિશે મનોમંથન ને સંશોધન કરી રહ્યા હતા. ત્યાં ચિત્તમાં ચમકારો ને મનમાં ઝબકારો થયો કે એ પુરાતન કાળે લોકો જેવા હોય તેવા દેખાવામાં જ માનતા હશે, દિલમાં હોય તે જ બહાર લાવવાનું એમને ગમતું હશે અને ખોટા દેખાડા - દંભમાં નહીં માનતા હોય તેથી જ પેલી ‘ફેંકવાની કલા’ ની એમને આવશ્યકતા નહોતી... માટે જ તેઓ આપણી ૬૪ કલાઓમાં સમાવેશ નથી...

‘મન માંકડુ’ એટલેથી ન અટક્યું ને વિચારવા લાગ્યું કે જો જૂનાકાળથી પ્રાચીન ૬૪ કલાઓની જેમ, અર્વાચીન - આધુનિક કળાઓ, મોર્ડન આટ્ર્સની યાદી કરવાની થાય તો એમાં કંઈ કંઈ કળાઓ આવે... અમને એમાં આ ફેંકવાની કળા, સળી કરવાની કળા, ટોપી પહેરાવવાની કલા, ટોપી ફેરવવાની કળા, પોલ્સન ‘બટર’ મારવાની કળા, કોઈનું કરી નાખવાની કળા, બીજાને ધંધે લગાડવાની કળા, વાતોનાં વડા કરવાની કળા, ગાલી પ્રદાન કલા, ખિસ્સાં ખાલી - ભપકા ભારી દેખાવાની કલા, હથેળીમાં ચાંદ દેખાડવાની કળા, મોબાઈલ પર જુઠ્ઠું બોલવાની કલા, મોબાઈલ પર સ્પષ્ટ સંભળાતું હોવા છતાં ફોન અટેન્ડ ન કરવો હોય તો ‘હલ્લો... હલ્લો...’ કર્યા કરવાની કલા, પાર કે પૈસે પરમાનંદની કલા, કેડ્ય વાંકી કર્યા વિના બધું કેટલી મહેનતથી પોતે જ કર્યું એ ઠસાવવાની કળા, સાહેલગીરી કરવાની - વટ મારવાની કળા, આત્મશ્લાધા કલા...

આ તો ફર્સ્ટ થોટમાં અમને જડેલી કલાઓ છે... તમને યાદ આવે કે તમને હસ્તગત હોય એવી આજની કલાઓ આમાં ઉમેરવાની છૂટ સાથે...‘આવજો...’